# ઉચ્ચતર પ્રાથમિક ધો. ૬ થી ૮ વિભાગમાં થયેલ શાળાકીય પ્રવૃત્તિઓ : વર્ષ : ૨૦૨૪-૨૫

**તા. ૨૧/૬/૨૪ : વિશ્વ યોગા દિન :** શાળાનાં પટાંગણમાં વિદ્યાર્થીઓને યોગા વિશેની સમજ આપી. તેના લાભાલાભ જણાવી હળવી કર્યા કસરત કર્યા બાદ તાડાસન, વૃક્ષાસન, ઉષ્ટ્રાસન, પાદહસ્તાસન, અધચક્રાસન, ત્રિકોણાસન, પદ્માસન વગેરે જેવા આસનો કરાવ્યાં. તેમજ પ્રાણાયામ, અનુલોમ -વિલોમ, હાસ્યથેરાપી કરાવી યોગા દિનની ઉજવણી કરવામાં આવી હતી. કન્વીઃ શૈલેન્દ્રસિંહ ગોહિલ




**તા. ૨૫/૬/૨૪ :** પંડિત ઓમકાર હોલ, શકિતનાથ, ભરૂચ ખાતે ધો. ૬ થી ૮ નાં વિદ્યાર્થીઓને **મંગલ જાદુગર** જોવા લઇ ગયાં.




**તા. ૨૮/૬/૨૪ :** શાળાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી રાજ કરમોકર (અં.મા.) **ઇન્ટરનેશનલ ક્રૂઝ ફિટનેશ ટ્રેનર** જેમણે ૯ મહિનાનાં સમયગાળામાં ૧૬ દેશની મુલાકાત લીધી. તેમના દ્વારા ધો. ૬ થી ૮ નાં વિદ્યાર્થીઓને પોતાના ક્રૂઝ વિષયક અનુભવો રજૂ કર્યા હતાં. પોતાના દેશ-વિદેશ યાત્રાનાં વિડીયો પણ બાળકોને બતાવી ઉત્સાહિત કર્યા.







**તા. ૨૯/૬/૨૪ : શાળા પંચાયતની ચૂંટણી :** શાળાનાં વિદ્યાર્થીઓ લોકશાહી મૂલ્યોને જાણે, તેમનામાં નેતૃત્વ શકિતનો વિકાસ થાય. તેમજ વિદ્યાર્થીઓ ઉમેદવારીનો અને મતદાનનો એક ઉમદા અનુભવ પ્રાપ્ત કરે તે હેતુથી શાળા પંચાયતની ચૂંટણી યોજવામાં આવી. જેમાં શાળાનાં જી.એસ. તરીકે ઓડ હર્ષ ઘનશ્યામભાઇ (૮-બ) અને એલ.આર. તરીકે પટેલ ક્રિષ્ના પરેશભાઇ (૮-બ) બહુમતીથી ચૂંટાયાં હતાં. જેમણે શપથ વિધિ દ્વારા કાર્યભાર સંભાળ્યો હતો. કન્વીઃ શૈલેન્દ્રસિંહ ગોહિલ






**તા. ૨૦/૭/૨૪ : ગુરૂપૂર્ણિમા ઉજવણી :** અષાઢ મહિનાની પૂનમ એટલે ગુરૂપૂર્ણિમા. ભકિત અને સમર્પણનો તહેવાર છે. ગુરૂ અને શિષ્યનાં પવિત્ર સંબંધોને ગાઢ બનાવતા આ તહેવારની શાળામાં ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. બાળકોએ પોતાનાં શિક્ષણ ગુરૂ એવા શિક્ષકોને કુમ-કુમ તિલક કરી ફૂલ અર્પી તેમનું પૂજન કર્યુ હતું. નારાયણ બાપુની ધૂન અને પ્રાર્થના થકી સમગ્ર વાતાવરણ ભાવમય બની ગયું. કન્વી.– શેફાલીબેન ઠાકર





**તા. ૨૮/૪/૨૦૨૪ : પ્રાથમિક શિષ્યવૃતિ પરીક્ષા** માં ધો. ૬ નાં ૨૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં શાળાનાં ધો. ૬ નાં બે વિદ્યાર્થીઓ મેરિટમાં આવ્યાં છે. (૧) ભટ્ટ મંત્ર કમલેશભાઇ (૬અ), (૨) રાણા તીર્થ તેજસભાઇ (૬બ) આ બંને વિદ્યાર્થીઓએ સરકારશ્રી તરફથી શિષ્યવૃત્તિ મળવા પાત્ર છે.

**તા. ૧૪/૮/૨૪ : ''અખંડ ભારત સંકલ્પ દિવસ''** ની ઉજવણી અંતર્ગત ધો. ૬ થી ૯ ની સમૂહ પ્રાર્થનામાં શ્રી વિરલભાઇ દેસાઇ (વિશ્વ હિન્દું પરિષદ્‌ના પ્રાંત અધ્યક્ષ) અને તેમની ટીમ દ્વારા અખંડ ભારત વિશે વકતવ્ય આપવામાં આવ્યું હતું.

**તા. ૧૨,૧૩/૮/૨૪ :** ધો. ૬ અ/બ અને ધો. ૭ અ/બ ની **પ્રથમ સત્રાંત વાલી મિટીંગ** યોજાય. જેમાં બાળકનાં સર્વાંગી વિકાસ સહઅભ્યાસ પ્રવૃત્તિઓ, શિસ્ત, સ્વચ્છતા, શાળામાં ચાલતાં વિવિધ પ્રોજેકટ જેમ કે, પારસમણિ પ્રોજેકટ, જીવન કૌશલ્ય, વિજ્ઞાન મેળાઓ, બાહ્ય પરીક્ષાઓ વગેરેની વિસ્તારપૂર્વક ચર્ચા કરવામાં આવી.










**તા. ૧૫/૮/૨૪ : શાળામાં ૭૮ માં સ્વાતંત્ર્ય દિનની ઉજવણી** કરાવામાં આવી. કન્વીઃ શૈલેન્દ્રસિંહ ગોહિલ

**તા. ૧૭/૮/૨૪ : કલા ભારતી ચાઇલ્ડ આર્ટ ઇન્સ્ટીટયૂટ, ઔરંગાબાદ મહારાષ્ટ્ર આયોજીત નેશનલ લેવલ ચિત્ર સ્પર્ધા** માં શાળાનાં ધો. ૬ થી ૮ નાં કુલ ૭૪ વિદ્યાર્થીઓ તથા બેસ્ટ હેન્ડ રાઇટીંગ સ્પર્ધામાં કુલ ૧૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. કન્વીઃ અરવિંદભાઇ પરમાર

**તા. ૧૭/૮/૨૪ : રક્ષાબંધન પર્વની ઉજવણી :** શાળાના વિદ્યાર્થીઓમાં નૈતિક મૂલ્યોનો વિકાસ થાય, વિદ્યાર્થીઓમાં પરસ્પર ભાઇ-બહેનની પવિત્ર ભાવના જન્મે, ભારતીય સંસ્કૃતિ જળવાય રહે તે હેતુથી રક્ષાબંધન પર્વની ખૂબ જ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. બહેનોએ ભાઇનાં કપાળ પર કંકુ તિલક કરી રક્ષા બાંધી શુભેચ્છા પાઠવી હતી. કન્વીઃ હિનાબેન ભાવસાર






**તા. : ૨૨/૮/૨૪ : ધો. ૮ અ/બ ની પ્રથમ સત્રાંત વાલી મિટીંગ** યોજાય.

**તા. ૨૪/૮/૨૪ : જન્માષ્ટમી પર્વની ઉજવણી :** વિદ્યાર્થીઓ તહેવારોનાં મહત્વને સમજે, તેની મજા માણે એ હેતુથી શાળામાં કૃષ્ણ જન્મોત્સવની ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ દ્વારા શ્રીકૃષ્ણનાં જીવનચરિત્રને રજૂ કરતાં નાટક, ગીત, ભજન રજૂ કરવામાં આવ્યાં હતાં.

**સફળ લોકો પરિસ્થિતિ પ્રમાણે બદલાઇ શકે છે.**
**પરંતુ અનુભવી લોકો પોતાની પ્રમાણે પરિસ્થિતિને બદલી નાંખે છે.**